Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268
Continuous Issue-25 | January – March 2017

# ભરૂચમાં અંગ્રેજ હકુમતની સ્થાપના અને તેનો પ્રભાવ

ગુજરાતના ઈતિહાસ અને સંસ્કૃતિમાં ભરૂચનું એક આગવું અને અનોખું સ્થાન રહેલું છે.પ્રાચીન ગુજરાતનું આંતરરાષ્ટ્રીય બંદર ભરૂચ સમયાંતરે જુદા જુદા નામથી પ્રસિદ્ધ થયું છે. પૌરાણિક પરંપરા અનુસાર ભરૂચના આ પ્રાચીન પ્રદેશને ભૃગુઓ સાથે સાંકળવામાં આવે છે.વિભિન્ન લેખિત સાહિત્યમાં ભૃગુકચ્છ,ભૃગુપુર,ભરૂકચ્છ,બારીગાઝા,ભડોચ,બ્રોચ(બ્રોચ) અને ભરૂચ વગેરે નામોનો ઉલ્લેખ જોવા મળે છે.જે તેની સાંસ્કૃતિક ધરોહરના પ્રતિક છે. ઐતિહાસિક દસ્તાવેજ અનુસાર મૌર્યયુગથી જ ભરૂચ પર વિવિધ રાજસત્તાઓનો અમલ સ્થપાયો અને વિકાસ પામ્યો હતો. ક્રમશઃ ક્ષત્રપો, ગુપ્તો,રાષ્ટ્રકૂટો,ગુર્જરો,સોલંકીઓ, દિલ્હીની મુસ્લિમ સલ્તનત, ગુજરાતની સ્વતંત્ર મુસ્લિમ સલ્તનત, મુઘલો અને અંગ્રેજોનું શાસન ભરૂચમાં સ્થપાયું હતું. ભરૂચ પર રાજસત્તાનાં પરિવર્તનો થતાં રહયાં પરંતુ તેની ભૃગુકુળની અસ્મિતા અકબંધ રહી. અને 'ભાંગ્યું તો યે ભરૂચ'ની કહેવતને યથાર્થ કરતું આવ્યું છે.

**અંગ્રેજોનું વેપાર અર્થે ભરૂચમાં આગમન:**

ઈ.સ.૧૬૧૨ માં અંગ્રેજો સૌપ્રથમ સુરત મુકામે આવ્યાં. ત્યારબાદ ઈ.સ.૧૬૧૩માં બે અંગ્રેજ વેપારી ઓલ્ડર વર્થ અને વિધિંગ્ટને ભરૂચની મુલાકાત લીધી.[૧] તેમને ભરૂચનું જમીન માર્ગે અને દરિયાઈ માર્ગે વેપાર મથક તરીકેનું મહત્વ સમજાતા ઈ.સ.૧૬૧૪માં અંગ્રેજ વેપારી કોઠીની સ્થાપના માટે ભરૂચમાં જગ્યા ભાડે લીધી.[૨] ત્યારબાદ સર ટોમસ રોએ મુઘલ બાદશાહ જહાંગીરની પરવાનગી મેળવી ભરૂચમાં ઈ.સ.૧૬૧૬માં અંગ્રેજ કોઠી નાંખી. જહાંગીરે અંગ્રેજોને વેપારનો પરવાનો પણ આપ્યો.અને તેમની પાસેથી કોઈપણ જકાત નહી લેવાનું ફરમાન કર્યું.[૩] તે સમયે ભરૂચ ગુજરાતના મુઘલ પ્રાંતનાં ૧૫ સુબામાં અગત્યનો સુબો હતો. મુઘલ યુગ દરમિયાન ભરૂચ એશિયા અને યુરોપના વિવિધ દેશોમાં ચઢીયાતા સુતરાઉ કાપડ,બાફતા કાપડ,મહુડાના ફૂલો અને કાપડ ધોવાના અને રંગવાના બંદર-શહેર તરીકે પ્રખ્યાત હતું. ભરૂચમાં દેશના જુદા જુદા ભાગ માંથી કાપડ નિખારવા માટે આવતું હતું. ફ્રેયરનાં કથન પ્રમાણે ભરૂચની કોઠીનાં અધિકારીઓ સુરતની કોઠીના ઉપરી અધિકારીઓનાં આધિન હતા. ભરૂચની અંગ્રેજ કોઠીના અધિકારીઓ વેપારથી ખુબ જ સમૃદ્ધ બન્યા હતા.અંગ્રેજો બાદ વલંદા(ડચ) લોકોએ પણ ઈ.સ.૧૬૧૭માં ભરૂચમાં વેપારી કોઠી સ્થાપી.[૪] પરંતુ વલંદાઓ આ મથકનો વિકાસ કરી શક્યા નહી અને થોડા સમયમાં તે બંધ પડયું. જયારે અંગ્રેજોનો ભરૂચ સાથેનો વેપાર ધોમધોકાર ચાલતો હતો.જર્મન પ્રવાસી મેન્ડેલસ્લોએ પણ ભરૂચ સાથેના અંગ્રેજોનાં વેપારનો અને ભરૂચના બાફતા કાપડ અને અકીક પત્થરમાંથી બનાવેલી વસ્તુઓનો દેશ-વિદેશમાં માંગ હોવાનો ઉલ્લેખ કર્યો છે.[૫] ઈ.સ.૧૬૮૬ થી ઈ.સ.૧૭૦૦ દરમ્યાન અંગ્રેજ વહાણોની ચાંચિયાગીરી વધી પડી હતી. ઈ.સ. ૧૬૯૬માં એવરી નામના અંગ્રેજ ચાંચિયાએ મક્કા હજ કરવા જતા મુસલમાનોનાં વહાણોને લુંટ્યા.આથી સુરત અને ભરૂચના કોઠીના અંગ્રેજ વડા જોન ગેયર અને અન્ય ૬૩ અધિકારીઓને કેદ કર્યા.

પરિણામે તેમનો વેપાર કામચલાઉ બંધ પડયો હતો.[૬] ઈ.સ.૧૭૦૨માં નવી અને જૂની બ્રિટીશ ઇસ્ટ ઇન્ડિયા કંપની એક થઈ ગઈ. અને ચાંચિયાગીરી બંધ કરવાની ખાત્રી આપતા ફરીથી વેપાર શરૂ થયો. ઈ.સ.૧૬૮૭થી મુંબઈને અંગ્રેજોએ મુખ્ય મથક બનાવ્યું હોવાથી અંગ્રેજોને ભરૂચ બંદરેથી વેપાર કરવામાં રસ રહયો નહિ.આથી તેઓએ ભરૂચની કોઠી ૧૮મી સદીના પૂર્વાર્ધમાં બંધ કરી હતી.[૭]

**ભરૂચમાં અંગ્રેજ શાસનની સ્થાપનાનાં સંજોગો:**

ઈ.સ. ૧૭૦૭માં મુઘલ બાદશાહ ઔરંગઝેબની અવસાન થતાં દિલ્હીનું મુઘલ સલ્તનત નબળું પડવા માંડ્યું. મુઘલ દરબારમાં મનસબદરો અને વજીરની સત્તા મજબુત બનવા માંડી.ઈ.સ. ૧૭૨૨માં દખ્ખણ પ્રાંતના નિઝામુલ્મુલ્કે દિલ્હીનું વજીરપદ છોડતાં મુઘલ બાદશાહ મહમૂદશાહે અભેસિંહની ગુજરાતની સુબાગીરી દરમ્યાન તેને ભરૂચની જાગીર ભેટ આપી.[૮] નિઝામુલ્મુલ્કે ભરૂચનો વહીવટ કરવા અબ્દુલ્લાબેગ નામના બાહોશ અધિકારીની નિયુક્તિ કરી. તેને નિઝામે ઈ.સ. ૧૭૩૬માં નેકઆલમખાનનો ખિતાબ આપ્યો.ત્યારથી તે ભરૂચના સ્વતંત્ર શાસક તરીકે વહીવટ કરવા લાગ્યો.[૯] અબ્દુલ્લાબેગનું ઈ.સ.૧૭૩૮માં અવસાન થતાં તેનો પુત્ર મીરઝાબેગ ભરૂચનો નવાબ બન્યો.તેને નેકઆલમખાનનું બિરૂદ ધારણ કરી ૧૪ વર્ષ શાસન કર્યું.[૧૦] મીરઝાબેગનું ઈ.સ. ૧૭૫૨માં અવસાન થતાં તેનો ભાઈ મુઘલબેગ ભરૂચનો નવાબ બન્યો.પરંતુ તે ત્રણ માસમાં અવસાન પામતા અબ્દુલ્લાબેગનાં પૌત્રો વચ્ચે ગાદી માટે આંતરવિગ્રહ થયો જેમાં છેવટે અહમદબેગ દિલ્હીથી મનસબ મેળવી 'નેક નામ ખાન' ખિતાબ ધારણ કરી ભરૂચનો નવાબ બન્યો.તેણે ઈ.સ.૧૭૫૨ થી ઈ.સ.૧૭૬૮ સુધી શાસન કર્યું. ત્યારબાદ તેનો પુત્ર મોજુમખાન ભરૂચનો નવાબ બન્યો.તે ભરૂચનો છેલ્લો નવાબ હતો.ત્યારબાદ ભરૂચ અંગ્રેજો હસ્તક આવ્યું.[૧૧]

મરાઠા સત્તા માંથી છુટા પડી ગુજરાતનાં વડોદરામાં પોતાના સત્તા સ્થાપનાર પિલાજી ગાયકવાડના પુત્ર દામાજી ગાયકવાડે ભરૂચ જેવા સમૃદ્ધ શહેરને જીતી લેવા ઈ.સ.૧૭૪૧માં ઘેરો ઘાલ્યો.દરમ્યાન દામાજી ભરૂચ શહેરને નુકશાન ન કરે માટે મીરઝાબેગે ભરૂચના ફુરજાની જકાતમાં ગાયકવાડનો હિસ્સો દાખલ કર્યો.ઈ.સ.૧૭૫૨માં નિઝામનું અવસાન થતાં તેનો ભરૂચ પરનો હક્ક નાબુદ થયો.[૧૨]

મુઘલ સમ્રાટોએ લગભગ દોઢસો વર્ષ પહેલા ભરૂચના ફુરજાની જકાત પરનો હક્ક સુરતના નવાબોને આપ્યો હતો.તેની જકાત ઈ.સ.૧૭૩૧ સુધી ચૂકવાય હતી.ઈ.સ.૧૭૫૯ માં બ્રિટિશ ઇસ્ટ ઈન્ડિયા કંપનીએ સુરત જીતી લઈ સુરત પર રાજકીય પ્રભુત્વ સ્થપાતાં ભરૂચ પણ બ્રિટિશ અંકુશ હેઠળ આવી ગયો. ઈ.સ. ૧૭૩૬માં ભરૂચનો નવાબ સ્વતંત્ર બનતાં ભરૂચ ફૂરજાની જકાત સુરતના નવાબને મોકલવાનું બંધ કર્યું હતું.આથી સુરતના નવાબે અંગ્રેજોને ચડત રકમ જે રૂ.૨,૮૦,૦૦૦૦ થવા જતી હતી તે વસુલ કરવા અને ⅓ ભાગ સુરતના નવાબે અંગ્રેજોને આપવા કબુલાત આપી.અને અંગ્રેજોએ પણ શોધી કાઢ્યું કે ઈ.સ.૧૭૫૧માં ભરૂચના નવાબ સાથે થયેલા કરાર મુજબ જે વેપારીઓ પરદેશથી ઇસ્ટ ઈન્ડિયા કંપનીના આશ્રય હેઠળ ભરૂચમાં માલની આયાત કરે તેના પર કંપનીને 1½% જેટલી જકાત વસુલવાનો હક્ક મળ્યો હતો.પરંતુ એ રકમ પણ ન ચુકવતા ચડત રકમ રૂ.૧,૫૦,૦૦૦/-જેટલી વસુલ લેવાની બાકી હતી[૧૩].

મુસ્લિમ લેખક સૈયદ અબ્બાસ અલીએ ઉર્દૂમાં લખેલ પુસ્તક “Kisseh-i-Nawab Majuzkhan of Bahadur of Broach” કે જેનું ઈ.સ.૧૮૬૯માં બહેરાયજી ફરદુનજી વકીલે ગુજરાતીમાં “ ભરૂચના નવાબ મોઓજુજખાન બહાદુરનો કિસ્સો ” નામે ભાષાંતર કર્યું હતું. તેમાં એવી હકીકત વર્ણવવામાં આવી છે કે

“ સુરતના પારસીઓમાં ઘણા સમયથી જરથોસ્તી વર્ષની ગણતરીમાં એક મહિનાના તફાવત બાબતે બે જૂથ પડયા હતા. જેમાં એક ‘કદમી રિવાજ’ને માનનારુંઅને બીજું જૂથ ‘રસમી રિવાજ’ને માનનારું હતું.આ સમયના બે પારસી વેપારી ધનજીશાહ મિનોચહેર કે જેઓ રસમી રિવાજના સમર્થક હતા. જયારે બીજા વેપારી આગેવાન મંચેરજી કદમી રિવાજના સમર્થક હતા.[૧૪] ધનજીશાહનો કંપની સરકાર સાથે વ્યાપારીક સંબંધ હતો.અને ભરૂચના બંદરથી કંપની સાથે વેપાર ચલાવતા હતો.આથી તેમને ભરૂચના નવાબને ભરૂચના પારસીઓનો આ અંગે મત જાણવા પત્ર લખી તપાસ કરવા કહ્યું. નવાબે ભરૂચના પારસીઓના દસ્તુર કામદીન અને પાદશાહને બોલાવી સુરતના પારસીઓના ધાર્મિક ઝઘડા અંગે અભિપ્રાય આપવા જણાવ્યું.દસ્તુર કામદીને વેપારી ધનજીશાહનાં રસમી જૂથના વિરોધમાં કદમી જૂથના તરફેણમાં મત આપ્યો. અને નવાબે તે પ્રમાણે પત્ર લખી ધનજીશાહને જાણ કરી.ધનજીશાહ નવાબના આ નિર્ણયથી ગુસ્સે થયો. આ અરસામાં ધનજીશાહનો વેપારી માલ ભરૂચ બંદરે આવતાં, નવાબે તે માલની જકાત ભરવા આદેશ કર્યો.આથી ધનજીશાહે માલની જકાત ભરવો પડી.આ વાતનો ડંખ રાખી ધનજીશાહ સુરતના કંપનીની કોઠીનાં અધિકારી મિ.રોબર્ટ ગેમ્બીરને ભરૂચના નવાબના વિરોધમાં સમજાવ્યું કે સુરતની કંપનીના તાબામાં ભરૂચનો ફૂરજો(Port)છે. મિ. રોબર્ટ ગેમ્બીરે ધનજીશાહની વાત સ્વીકારી અને ભરૂચના નવાબ પાસે ચઢેલી રકમની ઉઘરાણી કરી.તે સમયે ભરૂચના ફૂરજા(Port)ની વાર્ષિક આવક લગભગ રૂ.૧૦૦૦૦૦/- હતી.જે ભરૂચના નવાબે ૪૦ વર્ષથી આપી ન હતી.[૧૫] નવાબે વળતો જવાબ લખી જણાવ્યું કે ભરૂચનું બંદર સુરતની અંગ્રેજી કંપનીના તાબે નથી. કેમકે તે પોતે દિલ્હીની મુઘલ સત્તાની હકુમત હેઠળ છે.તેથી કંપની સરકારનો હક્ક તે સ્વિકરતા નથી.અને પોતે કંપની સાથે લડવા તૈયાર છે.આમ ભરૂચ પર અંગ્રેજોના આક્રમણ અંગે બે ભિન્ન કારણોનો ઉલ્લેખ જોવા મળે છે. અંગ્રેજોની સામ્રાજયવાદી નીતિનું ભોગ સુરત બાદ ભરૂચ પણ બને છે.

**ભરૂચ પર અંગ્રેજોની ચઢાઈ અને નિષ્ફળતા:**

ભરૂચના નવાબ પર ચડેલી લહેણાની રકમ સત્વરે મોકલી આપવા સુરતનાં કંપની મુખ્ય અધિકારી ડેનિયલ ડ્રેપર ભરૂચના નવાબને પત્ર મોકલ્યો. ભરૂચના નવાબે પત્રનો કોઈ જવાબ ન આપતા ડેનિયલ ડ્રેપરે ભરૂચ પર લશ્કર મોકલવાની તૈયારી કરી.મુંબઈની કંપની સરકારે ભરૂચ પર લશ્કરી કાર્યવાહી નહિ કરવાનો અને થોડો સમય રાહ જોવાનો ડેનિયલ ડ્રેપરને આદેશ મોકલ્યો. પરંતુ તેની અવગણના કરીને ડેનિયલ ડ્રેપરે મિ.રોબર્ટ ગેમ્બીર અને કર્નલ ‘કે’ (colonay cay)નાં નેતૃત્વતળે ભરૂચ પર ચઢાઈ કરવા લશ્કર મોકલ્યું.[૧૬] લશ્કરમાં સુરતના ભૂતપૂર્વ નવાબનાં બક્ષીના નેતૃત્વ નીચે ૭૦૦ સૈનિક હતા.સુરતના નવાબનો બક્ષી ભરૂચના નવાબ પ્રત્યે સહાનુભુતિ ધરાવતો હોય અંગ્રેજોના ભરૂચ પરના આક્રમણનો ગુપ્ત સંદેશ મોકલી આપ્યો હતો.[૧૭]

ભરૂચના નવાબે અંગ્રેજો વિરુધ્ધ લશ્કરી મદદ મેળવવા ખંભાતનાં નવાબ,વડોદરાના ફતેહસિંહ રાવ,ધોળકા અને રાજપીપળાના રાજાને પત્ર પાઠવ્યા.ખંભાતનો નવાબ અંગ્રેજોનો ખાસ મિત્ર હોવાથી તેણે મદદ કરવાની ના કહી.જયારે વડોદરાનાં ફતેહસિંહ ગાયકવાડે વડોદરાથી લશ્કર સાથે ભરૂચ નજીક આવી ઝાડેશ્વર આગળ મુકામ કર્યો.નવાબને જાસૂસો દ્વારા ખબર પડી કે ફતેહસિંહ ભરૂચના નવાબ અંગ્રેજો સામે લડવા

બહાર નીકળે એટલે તરત જ ભરૂચનો કબજો લેવાની ઈચ્છાથી આવેલ છે.[૧૮] આથી નવાબે તેમને ઝાડેશ્વરમાં રોકવાનો સંદેશ આપ્યો અને તેમના લશ્કરને બધી સગવડો કરી આપી પોતે અંગ્રેજો સામેના યુદ્ધની તૈયારી શરૂ કરી.

કંપનીનું લશ્કર ઈ.સ.૧૭૭૧નાં માર્ચ મહિનામાં સુરતથી નીકળી ૧લી મે ઈ.સ.૧૭૭૧નાં રોજ ભરૂચ નજીકના ઉમરગામ પાસે પડાવ નાખ્યો.[૧૯] નવાબે નર્મદા પાર કરી ઉમરગામ પાસે અંગ્રેજ લશ્કરને પ્રથમ લડાઈ આપી.તેમાં નવાબને ભારે ખુવારી સાથે પાછા ફરવું પડયું.બાદમાં નવાબે ભરૂચની મજબુત કિલ્લેબંધી કરી અંગ્રેજ લશ્કરની સામનો કરવાની તૈયારી કરી.મજબુત કિલ્લો, કુદરતી રીતે પ્રાપ્ત થયલો વિશાળ નર્મદા કિનારો અને શહેરની આજુબાજુ આવેલા ખાડીવાળા વિસ્તારનાં લીધી ભરૂચ પર એકાએક ચઢાય કરી જીતવું મુશ્કેલ હતું. આથી અંગ્રેજોએ નર્મદાનાં સામે કિનારે એટલે કે અંકલેશ્વર તરફના કિનારા પર રહી ભરૂચ પર તોપોનો મારો ચલાવી કિલ્લો તોડવા પ્રયત્નો કર્યો. અંગ્રેજોના ભારે તોપમારાથી કિલ્લોમાં ગાબડું પડયું. તે મારફતે ભરૂચમાં પ્રવેશવા હોડીમાં બેસી અંગેજ લશ્કર ભરૂચ તરફ ધસ્યા, પરંતુ નદીના પાણીના ભારે પ્રવાહમાં તેમની હોડીઓ ખેંચાય જતા તે યોજના નિષ્ફળ ગઈ. નવાબના લશ્કરે પણ સામે તોપમારો ચાલવતા અંગ્રેજોનો સમાન અને દારૂગોળો સળગી ગયો. આથી અંગ્રેજોને પાછા હટવાની ફરજ પડી.[૨૦] દરમિયાનમાં ચોમાસી બેસી જતા અંગ્રેજોને સુરત પાછા ફરવું પડયું.આમ અંગેજોનું ભરૂચ પરનું પ્રથમ આક્રમણ નિષ્ફળ નિવડ્યું.આ યુદ્ધ કુલ ૧૭ દિવસ ચાલ્યું. જેમાં નવાબ પક્ષે ૨૦૦૦ સૈનિકો અને અંગ્રેજ પક્ષે ૮૦૦થી વધુ સૈનિકો યુદ્ધમાં જોડાયા હતા.[૨૧] મુંબઈની કંપની સરકારને આની જાણ થતાં પોતાના આદેશની અવગણના કરી ભરૂચ પર લશ્કર મોકલનાર સુરત કોઠીના ડેનિયલ ડ્રેપરને બરતરફ કર્યો. અને અન્ય અધિકારીઓને સખત ઠપકો આપ્યો.[૨૨]

**નવાબની મુંબઈની કંપની સરકારની મુલાકાત અને સંધિ:**

અંગ્રેજોની ભરૂચ પરની પ્રથમ ચઢાઈ ભલે નિષ્ફળ ગઈ પરંતુ અંગ્રેજો ફરી મોટા લશ્કર સાથે ચઢાઈ કરશે તો તેમની સામે ટકવું મુશ્કેલ બનશે એવો ડર નવાબને સતત રહેતો. આથી તેમણે પોતાના દિવાન લલ્લુભાઈ મજમુદારને સુરતની કંપનીની મુલાકત લેવા મોકલ્યા.તેમણે ભરૂચ આવી નવાબને મુંબઈની કંપની સરકાર સાથે મુલાકાત કરવાની સલાહ આપી. મુંબઈનાં ગવર્નર અને કાઉન્સીલ પ્રેસિડેન્ટ હોર્નબી પણ ભરૂચના નવાબ સાથે લ્હેણાંની રકમની પતાવટ થાય તે હેતુથી નવાબ સાથે મુલાકાતની ઈચ્છા દર્શાવી. નવાબે પણ સમાધાન કરવા મુંબઈ આવવાની તૈયારી દર્શાવતો પત્ર મુંબઈ કંપની સરકારને લખ્યો.[૨૩] આ માટે મુંબઈનાં ગવર્નર મિ.હોર્નબી ભરૂચનાં નવાબને તેડી લાવવા કાઉન્સીલનાં સભ્ય મિ. મોરલીને ભરૂચ મોકલ્યા.નવાબે રાજયનો તમામ કારભાર દિવાન લલ્લુભાઈને સોંપી મુંબઈ જવાની તૈયારી કરી અને મુંબઇના ગવર્નરે મોકલેલા ફતેહમારી નામના ઝડપી વહાણમાં પોતાના રસાલા સાથે ૪ નવેમ્બર ૧૭૭૧નાં રોજ મુંબઈ પહોચ્યા.[૨૪] નવાબ અને તેના રસાલાને મુંબઈ સરકારે મોટા બંગલો રહેવા આપી તેની સારી આગતા સ્વાગતા કરી અને નવાબને નજરાણાં આપ્યાં અને રાજકીય રસમ પ્રમાણે માન સન્માન પણ કર્યું. મુંબઈનાં ગવર્નર મિ.હોર્નબી તેમના પત્ની અને મુંબઈ કાઉન્સીલના આગેવાન વિલિયમ વેડરબર્ને નવાબને મિજબાનીઓ પણ આપી અને નવાબને યુદ્ધમાં થયેલા નુકશાનનાં પેટે અને જકાતના બાકી લેણી રૂ.ચાર લાખ જલદીથી પરત કરે એવી અપેક્ષા દર્શાવી. ભરૂચથી નીકળતી વખતે મુંબઈનાં ગવર્નરને ભેટ આપવા જમીન માર્ગે રવાના કરેલો સામાન વરાછા પાસે મરાઠા સરદાર નાગોજીએ લૂંટી લીધો.આથી નવાબ અંગ્રેજ અધિકારીઓને યોગ્ય બદલો

વાળી શકયો નહિ.તથા પોતાને મુંબઈ આવવાનું નિરર્થક લાગતાં ભરૂચ જવાની તૈયારી કરી. આ સમયે મુંબઈ કાઉન્સીલના આગેવાન વિલિયમ વેડરબર્ને આવી રૂ.ચાર લાખ ચૂકવ્યા બાદ જ મુંબઈ છોડવાની તાકીદ કરી. નવાબે આ અંગે હાલમાં પોતાની અસમર્થતા દર્શાવતા વાદવિવાદના અંતે કામકંપની સરકાર અને નવાબ વચ્ચે તા.૩૦ નવેમ્બર ૧૭૭૧નાં રોજ એક સંધિ થઇ.[૨૫] જે અનુસાર ભરૂચના નવાબે અંગ્રેજ કંપની સરકારને આપવાના રૂ.ચાર લાખ સંધિ થયાના ૬ માસમાં બે લાખ, ત્યાર પછી બીજા ૧ લાખ સંધિ થયાંના ૧૮ માસમાં અને ત્રીજા એક લાખ સંધિ થયાંના અઢી વર્ષમાં ચૂકતે કરવા તથા કંપની સરકાર સાથે હંમેશા મિત્રતાના સંબંધો રાખવા.[૨૬] આ શરતો કબુલ કરી નવાબ ભરૂચ આવ્યાં.

**ભરૂચ પર અંગ્રેજોની બીજું આક્રમણ અને વિજય:**

મુંબઈથી આવ્યા બાદ નવાબે ભરૂચમાં વહીવટની શરૂઆત કરી.ભરૂચના દિવાન લલ્લુભાઈની સલાહ અનુસાર નવાબે અંગ્રેજોને આપવાની રકમ મેળવવા લોકો પર ભારે કરવેરા નાંખ્યા.લલ્લુભાઈએ નવાબને સમજાવ્યું કે કંપની સાથે હવે મિત્રતાના સંબંધો હોય તેમની સાથે યુદ્ધનો કોઈ અવકાશ નથી. આથી નવાબે રાજયનો ખર્ચ ઘટાડવા ૧૫૦૦૦૦નાં લશ્કરને ઘટાડી ૩૦૦૦ સૈનિકોનું કર્યું.[૨૭] “Kisseh-i-Nawab Majuzkhan of Bahadur of Broach”નાં લેખકના જણાવ્યા અનુસાર લલ્લુભાઈ અંગ્રેજોનાં પક્ષે મળી ગયો હતો. કેમકે કોઈક કારણોસરે નવાબે તેમને ભારે દંડની સજા કરી હતી. દિવાન લલ્લુભાઈ તેનો બદલો લેવા માંગતો હતો.[૨૮] આથી તેણે નવાબની ગેરમાર્ગે દોરવણી કરી. છ માસ બાદ પ્રથમ હપ્તો વસુલ કરવા આવેલ અધિકારી જેમ્સ મોર્લેને નવાબ તરફથી સંતોષકારક જવાબ ન મળતા તે મુંબઈ પાછો ફર્યો અને મુંબઈની કંપની સરકારને ફરિયાદ કરી.

નવાબે અંગ્રેજોનાં આક્રમણનો ડર સતાવતા દિવાન લલ્લુભાઈની સલાહ મુજબ મુંબઈ કંપની સરકારને રકમ ચુકવવાની તૈયારી દર્શાવતો પત્ર લખ્યો. મુંબઈ સરકારે આથી જેમ્સ મોર્લેને ફરી ભરૂચ મોકલ્યો.નવાબ પાસે પુરતી રોકડ રકમ ન હતી. આથી તેણે લોકો પર આકરા કરવેરા નાખ્યાં. અને ધનિકો પાસેથી દાગીના,ઝવેરાત અને રોકડ રકમ ફરજીયાત બનાવી ઉઘરાવી. પોતાનાં કુટુંબનાં સભ્યોનાં દાગીના અને ઝવેરાત ઉઘરાવી બે લાખ જેટલી રકમ એકત્ર કરી જેમ્સ મોર્લેને મોકલાવી. મોર્લેએ દાગીના અને ઝવેરાત સ્વીકારવાની ના પાડી અને બધીજ રોકડ રકમની માંગણી કરી.[૨૯] નવાબ એ રકમ આપી નહિ શકતા મોર્લે મુંબઈ પાછો ફર્યો. ભારે કરવેરા અને બળજબરી પૂર્વક ઉઘરાવેલા વેરાના કારણે પહેલાનો નવાબ લોકોમાં ખુબજ અપ્રિય બન્યો.

ભરૂચના નવાબે કરેલા અપમાનનો બદલો લેવા મુંબઈથી વિલિયમ વેડરબર્ન અને મિ. વોટસનની સરદારી નીચે નૌકાદળ સાથે તા.૨ નવેમ્બરે ૧૭૭૨ના રોજ ભરૂચ આવવા નીકળ્યું અને ૯ નવેમ્બરે નર્મદા નદીના મુખે પહોંચી ગયું.[30] બે દિવસ રાહ જોઈ ભરૂચ નજીક આવેલી બાબા રેહાનની દરગાહ આગળનો વિસ્તાર જીતી લીધો અને પોતાનો પડાવ નાંખ્યો. આ સમય દરમિયાન નવાબે પણ યુદ્ધની તૈયારી શરૂ કરી દીધી હતી. પરંતુ તેનું સૈન્ય બિનકાર્યક્ષમ અને ખુબ અલ્પ હતું. તેમછતાં નવાબે ભરૂચમાં પ્રવેશવાના તમામ દરવાજા બંધ કરાવી અંગ્રેજ લશ્કરનો સામનો કરવાની તૈયારી કરી.૧૩ નવેમ્બરે વેડરબર્ને શહેરના ઝાંપા આગળથી હુમલો કર્યો.[૩૧] પરંતુ તે નવાબના સૈનિકોએ નિષ્ફળ બનાવ્યો.૧૪મી નવેમ્બરે કુતુબપુરી દરવાજા આગળ ભરૂચમાં પ્રવેશવાનો પ્રયત્ન કરતા વિલિયમ વેડરબર્નને નવાબના લશ્કર માંથી ગોળી વાગતાં મૃત્યું થયું.તેની જગ્યાએ કમાન્ડરની જવાબદારી મિ.રોબર્ટ ગોર્ડનને સોંપવામાં આવી.[૩૨] તેણે ભરૂચના કિલ્લાની

બારીકાઈથી તપાસ કરી રતન તળાવ પાસેના બહાદુર બુરજ પાસેથી ચઢાઈ કરી.પરંતુ ત્યાં પણ નવાબના સૈનિકોએ કિલ્લા પરથી મારો ચલાવી પાછળ હટાવ્યું. ત્યાં સફળતા મળતાં પશ્ચિમ તરફથી ચઢાઈની તૈયારી કરી. જ્યાં એક રાજદ્રોહીએ મક્કા દરવાજા પાસે કિલ્લામાં નબળો ભાગ બતાવ્યો.૧૮મી નવેમ્બરનાં રોજ અંગ્રેજ લશ્કરે ૨૪ પાઉન્ડ અને ૧૮ પાઉન્ડના ગોળા ફેકનારી તોપોથી મારો ચલાવી કિલ્લામાં ગાબડાં પાડયાં.[33] આ માર્ગે અંગ્રેજો શહેરમાં દાખલ થયાં. છત્રીસ કલાક ચાલેલી લડાઈમાં નવાબના ઘણાખરા સિપાઈઓ મૃત્યું પામ્યાં.નવાબ તે સમયે કુતુબપુરી દરવાજા પર હતો. તે પણ પોતાના પરિવાર સાથે આમોદ તરફ ભાગ્યો. આમોદનાં રાજાએ આશ્રય આપવાનો ઇન્કાર કરતાં, નવાબ દહેવાણનાં કોળી રાજા જામલસિંહને ત્યાં આશરો લીધો. ત્યાં તે દુઃખી અવસ્થામાં મૃત્યું પામ્યો.[૩૪] અંગ્રેજ લશ્કરે ૧૮ નવેમ્બર૧૭૭૨નાં રોજ ભરૂચનો કબજો લીધો. આમ ભરૂચના નવાબી શાસનનો અંત આવ્યો. નવાબ ત્રણ પેઢીના વારસદરોને માસિક રૂ.૨૦૦ પેન્સન મુંબઈની કંપની સરકાર દ્વારા બાંધી આપવામાં આવ્યુ હતું.અને નવાબની જપ્ત થયેલી મિલકત વાર્ષિક પેટે રૂ.૪૬૦૦ આપવાનું ઠરાવ્યું.[૩૫]

**ભરૂચ પર અંગ્રેજોનું પ્રથમ શાસન:(૧૭૭૨ થી ૧૭૮૩)**

ઈ.સ. ૧૭૭૨માં ભરૂચ પર કબજો મેળવી ભરૂચનો વહીવટ ચલાવવા મુંબઈની કંપની સરકારે રેસીડેન્ટ તરીકે મિ.જેમ્સ મોર્લીને અને મદદગાર તરીકે સુરતની અંગ્રેજ ફેક્ટરીનાં મેમ્બર જેમ્સ ચીપ અને વિલિયમ મેકોનની નિમણુંક કરી.[૩૬] ઈ.સ.૧૭૭૩માં વડોદરા ફતેહસિંહ ગાયકવાડે ભરૂચ આવી અંગ્રેજો સામે પ્રસ્તાવ મુકયો કે જો અંગેજો ભરૂચ છોડી જાય તો તેમને વાર્ષિક રૂ.૬૦૦૦૦૦ આપવાની રજૂઆત કરી. જેનો અંગ્રેજોએ અસ્વીકાર કર્યો. પરંતુ ભરૂચ બંદર પરનો ગાયકવાડનો આવકનો હિસ્સો ચાલુ રાખવાની ખાતરી આપી.[૩૭] મુંબઈ સરકારે ભરૂચને સુરતથી અલગ કરી ભરૂચનો સીધા વહીવટ કરવા એક સમિતિ રચી. જેના પ્રથમ પ્રમુખ તરીકે વિલિયમ શોની નિમણુંક કરવામાં આવી.[૩૮] ઈ.સ.૧૭૭૩માં દહેવાણનાં કોળી રાજાએ ભરૂચ પર કબજો મેળવવા મોટા ટોળા સાથે હુમલો કર્યો હતો.જે અંગ્રેજો દ્વારા નિષ્ફળ બનાવ્યો હતો. ત્યાર બાદ ઈ.સ.૧૭૭૬માં મુખ્ય અધિકારીને કલેકટરનું પદ આપવામાં આવ્યું.આ સમયે ભરૂચ પરગણામાં ૧૬૨ જેટલા ગામ આવતાં હતાં અને તેની વાર્ષિક ઉપજ રૂ.૫૦૧૭૧૭ ની થઈ હતી.[૩૯] ઈ.સ.૧૭૭૩થી ભરૂચમાં અંગ્રેજોએ શાંતિ અને સલામતી સ્થાપી હતી. ભરૂચને પ્રજાને સુશાસન અને સુચારુરૂપ વ્યવસ્થા અંગ્રેજોએ આપી હતી.ઈ.સ.૧૭૮૩માં સાલબાઈ મુકામે મહાદજી સિંધિયા સાથે થયેલી સંધિ અનુસાર ભરૂચ સિંધિયાને આપવામાં આવ્યું.[૪૦] તા.૯મી જુલાઈ ૧૭૮૩નાં રોજ સિંધિયાના સુબા તરીકે ભાસ્કરરાવે ભરૂચ આવ્યો તેની સમગ્ર વહીવટ સુપરત કર્યો. જેનું વર્ણન ‘ભરૂચના ઇતિહાસ’ના લેખક ગણપતરામ દેસાઈએ કર્યું છે. તે પ્રમાણે “અંગ્રેજો હોડીમાં બેસવા રવાના થયાં. ત્યારે ભરૂચના લોકોના ટોળેટોળા અંગ્રેજોને વિદાઈ આપવા એકત્ર થયાં. કેટલાક તો એટલા ગમગીન થઇ ગયા હતા કે કશું બોલી પણ શકયાં નહી.કેટલાકની આંખ માંથી તો આંસુ પણ પડવા માંડ્યા હતાં.”[૪૧] જે ભરૂચમાં અંગ્રેજોના શાંતિમય પ્રથમ શાસનનાં પુરાવારૂપ છે.આમ ભરૂચમાં ઈ.સ.૧૭૭૨ થી ઈ.સ.૧૭૮૩ સુધી અંગ્રેજોનું પ્રથમ શાસન રહ્યું.

**ભરૂચ પર અંગ્રેજોના દ્વિતીય શાસનની સ્થાપના:**

ઈ.સ.૧૭૮૩ થી ઈ.સ.૧૮૦૩ સુધી ભરૂચ પર સિંધિયાનું શાસન રહયું હતું. સિંધિયાનું શાસન ભરૂચમાં ૨૦ વર્ષ સુધી રહ્યું.[૪૨] ઈ.સ.૧૮૦૨માં બાજીરાવ પેશ્વાને સિંધિયા, હોલકર અને વરાડનાં રાજા સાથે સંઘર્ષ શરૂ થયો. બાજીરાવે અંગ્રેજો પાસે યુદ્ધમાં મદદ માંગી. અંગ્રેજો અને બાજીરાવ વચ્ચે ૩૧ ડિસેમ્બર

૧૮૦૨નાં બેસીનની સંધિ થતાં, અંગ્રેજોએ બાજીરાવને મદદ કરી.[૪૩] આથી અંગ્રેજો અને સિંધિયા વચ્ચે થયેલી સંધિનો અંત આવ્યો.અંગ્રેજોએ ગુજરાતમાં આવેલા સિંધિયાના સંસ્થાનો પર આક્રમણો શરૂ કર્યા.જનરલ વેલેસ્લીએ ભરૂચ પર હુમલો કરવા કર્નલ વુડિંગટનની નિમણુંક કરી. તેણે ૮૬મી રેજીમેન્ટ, યુરોપિયન તોપખાનું અને દેશી પાયદળ સાથે તા.૨૩ મી ઓગષ્ટ સન ૧૮૦૩ના રોજ ભરૂચ પર આક્રમણ કર્યું.[૪૪] પ્રારંભિક યુદ્ધમાં જ સિંધિયાના સૈન્યનો પરાભવ થયો.અને તેઓએ કિલ્લામાં આવી જવું પડયું. ૮૬મી રેજીમેન્ટના કર્નલ રિચર્ડસને ૩૫૦ સૈનિકો સાથે ભરૂચમાં પ્રવેશ કરવા કિલ્લા પર તોપમારો ચલાવ્યો.તા.૨૯મી ઓગષ્ટના રોજ લશ્કર ભરૂચમાં પ્રવેશ્યું.[૪૫] સિંધિયાનું સૈન્ય બહાદુરીથી લડયું પરંતુ ફાવ્યા નહિ.તેથી તેઓ કિલ્લો છોડી ભાગી ગયા.સિંધિયાના પક્ષે ૩૦૦ સૈનિકો અને અંગ્રેજોનાં પક્ષે ૭૯ સૈનિકો મૃત્યું પામ્યાં. તા.૨૯ મી ઓગષ્ટ સન ૧૮૦૩માં ભરૂચમાં ફરી અંગ્રેજોનું શાસન સ્થાપ્યું.[૪૬] જે ભારતની આઝાદી સુધી રહ્યું. હવે પછીના ૨૦ વર્ષ દરમિયાન ભરૂચે ખરેખરી શાંતિ ભોગવી. ઈ.સ.૧૮૦૩ થી ઈ.સ.૧૮૦૫ સુધી જે અધિકારી ભરૂચ ખાતે નિમાયા તેને આસિસ્ટન્ટ રેવન્યુ ડીપાર્ટમેન્ટ કહેતા હતાં.તેણે વડોદરાના રેસીડેન્ટનાં કર્નલવોકરના ઉપરીપણા નીચે કામ કરવાનું હતું. ઈ.સ.૧૮૦૫માં ભરૂચને જિલ્લો બનાવી મિ.વિલિયમ સ્ટેડમેનને કલેકટર નીમ્યો.સાથે ત્યાં મિ. પેન્ડઘાસ્ટ નામના  એક સિવિલિયનને જજ  અને મેજીસ્ટ્રેટ તરીકે નીમ્યા. આ પ્રમાણે ભરૂચનો વહીવટ ઈ.સ.૧૮૩૦ સુધી ચાલ્યો.[૪૭] ઈ.સ.૧૮૩૫નાં અરસામાં ભરૂચમાં મ્યુનિસિપાલિટી રચાઈ.[૪૮] ઈ.સ. ૧૮૩૦ થી ઈ.સ.૧૮૪૩ દરમ્યાન સુરત કલેકટરનાં તાબા હેઠળ સબ-કલેકટર હતું.[૪૮] ઈ.સ.૧૮૪૩ થી ઈ.સ.૧૮૬૧ દરમિયાન ફરી ભરૂચ સુરત ક્લેકટરથી જુદું પડયું.[૪૯] ખર્ચમાં ઘટાડો કરવાના હેતુ થી ફરી ઈ.સ.૧૮૬૧થી ભરૂચને સુરત જીલ્લા કલેકટર હેઠળ રાખવામાં આવ્યું.[૫૦] ફરી ઈ.સ.૧૮૬૯ના જુલાઈ માસથી ભરૂચમાં કલેક્ટરની નિમણુંક કરવામાં આવી.[૫૧] આ વ્યવસ્થા અંગ્રેજોની ભારત વિદાઈ સુધી રહી.

## પાદટીપ:


૧. H.G.Rawlinson, British Beginning in western india 1579-1657,Oxford clarendon press, 1920,p.73

૨. Gazetteer of the Bombay Presidency Surat and Broach, Government Central Press,1877,p.468

૩. W.Foster, English factories in india 1624-29, Oxford clarendon press, 1909,p.27-30

૪. Rawlinson, ઉપરોક્ત,પૃ.73

૫. M.S.Commissariat,Mandleslo's Travels In Western India (1638-9), Humphary Mlford Cxford Uni Press,London,1931 p.15

૬. Jivaji j. Modi, A few Notes on Broach From an Antiquarin Point Of View, The Jouranl Of The Bombay Branch Of The Royal Asiatic Sociaty, V.xxii,Bombay,1908,p.309

૭. Gazetteer of the Bombay Presidency Surat and Broach, Government Central Press,1877,p.468

૮. Ibid, Gazetteer Broach,p.469

૯. Ibid, Gazetteer Broach,p.470

૧૦. ગણપતરામ હિ. દેસાઈ,ભરૂચ શહેરનો ઈતિહાસ,સ્વપ્રકાશિત,ભરૂચ,૧૯૧૪,પૃ.૪૩૦

૧૧. એજન,પૃ.૪૩૧

૧૨. રમેશકાંત ગો.પરીખ, ભરૂચ પર મહાદજી સિંધિયાના શાસનની સ્થાપના અને અંત, સામીપ્ય ઓકટોબર, '૮૯,માર્ચ,૧૯૯૦,પૃ.૧૩૫
૧૩. એજન, પૃ.૧૩૬
૧૪. Modi, Op,cit,p.312
૧૫. Ibid, Modi,XXII,p.313
૧૬. Ibid, Modi,XXII,p.316
૧૭. Ibid, Modi,XXII,p.317
૧૮.સૈયદ નુરૂદ્દીન હુસેન એહમદ હુસેન કાઝી, 'ભરૂચ', પ્રાચ્યવિદ્યામંદિર,વડોદરા,૧૯૩૭,પૃ.૭૯-૮૦
૧૯. Gazetteer Broach,op.cit,p.470
૨૦. Ibid, Gazetteer Broach,p.470
૨૧. Modi,op.cit,p.314; કાઝી, ઉપરોક્ત,પૃ.૮૦
૨૨. Gazetteer Broach,op.cit,p.470
૨૩. Gense,J.H. and Banaji,D.R., Gaikwads of Baroda(English Decuments), vol.II,p.35
૨૪. Ibid,p.36
૨૫. Iibid,p.53
૨૬. Ibid,p.52
૨૭. દેસાઈ, ઉપરોક્ત,પૃ. ૪૩૯
૨૮. (સં) ત્રિવેદી મહેન્દ્ર રે.,ગુજરાત રાજયસર્વસંગ્રહ ભરૂચ જિલ્લો, ગુજરાત સરકાર,૧૯૯૧,પૃ.૭૫
૨૯. એજન,પૃ.૭૫
૩૦. Gense and Banaji, op.cit.,p.112
૩૧. Ibid,p.113
૩૨. Ibid,p.113
૩૩. Commissariat,op.cit.,p.711
૩૪. (સં) ત્રિવેદી, ઉપરોક્ત,પૃ.૭૫
૩૫. એજન,પૃ.૭૫
૩૬. Gense and Banaji, op.cit.,p.118
૩૭. Ibid,p.119
૩૮. દેસાઈ,ઉપરોક્ત,પૃ.૪૫૬
૩૯. એજન,પૃ.૪૭૬
૪૦. Gazetteer Broach,op.cit,p.474
૪૧. દેસાઈ,ઉપરોક્ત,પૃ.460
૪૨. પરીખ,સામીપ્ય,ઉપરોક્ત,પૃ.૧૩૯
૪૩. Gazetteer Broach,op.cit,p.475
૪૪. દેસાઈ,ઉપરોક્ત,પૃ.463-464
૪૫. Gazetteer Broach,op.cit,p.475

૪૬ .Ibid,p.478

૪૭. Ibid,p.478

૪૮. (સં) ત્રિવેદી, ઉપરોક્ત,પૃ.333

૪૯. એજન,પૃ.333

૫૦. Gazetteer Broach,op.cit,p.479

૫૧. (સં) ત્રિવેદી, ઉપરોક્ત,પૃ.333

***********************************************************************

પ્રા.પ્રદ્યુમનસિંહ જી. મહિડા
ઈતિહાસ વિભાગ
સરકારી વિનયન કોલેજ
ઝઘડિયા

Copyright © 2012 – 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat